॥ સમાજ-સંસ્થા બ્રીફ ॥

વડાપ્રધાન મોદીના જન્મદિવસે ગાયત્રી યજ્ઞ

મહેસાણા | મહેસાણા સ્થિત ગાયત્રી પ્રજ્ઞાપીઠ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 76મા જન્મદિવસ નિમિત્તે તેમના દીર્ઘજીવન અને સારા આરોગ્ય માટે ગાયત્રી પરિવાર તથા યોગ સમિતિ દ્વારા ગાયત્રી યજ્ઞ યોજાયો હતો. આ પ્રસંગે વડાપ્રધાનની ૨૫ વર્ષની અવિરત સેવાયાત્રા તથા વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થાય તેવી પ્રાર્થના સાથે ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્રની વિશેષ આહુતિ આપવામાં આવી હતી.

કડીમાં વડાપ્રધાનના જન્મદિને APMC ખાતે 76 રક્તદાતાઓએ રક્તદાન કર્યું

17 Sept 2026 10:14:59 am

કડી | કડીમાં ભારતીય જનતા પાર્ટી અને તાલુકા આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે વડાપ્રધાનના જન્મદિને ગુરૂવારે એપીએમસી ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું.જેમાં 76 રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું.દરેક રક્તદાતાને ભેટ આપી પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ,એપીએમસી ચેરમેન ગોવિંદભાઈ પટેલ,પાલિકા પ્રમુખ રાજેન્દ્રભાઈ ગજ્જર,તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.પ્રજાપતિ સહિત અગ્રણીઓના હસ્તે સન્માનિત કરાયા હતાં.શહેર ભાજપ અને આયોગ્ય વિભાગે ભારે જહેમત ઉઠાવી હતી.

PMના જન્મદિવસ નિમિત્તે આશીર્વાદનો દીવો

કટોસણરોડ | વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 76મા જન્મદિવસ નિમિત્તે દેશમાં અને ગુજરાતમાં દીપોત્સવ અને "આશીર્વાદનો દીવો અભિયાન અંતર્ગત આજે દેત્રોજ તાલુકાના કટોસણરોડ, સુંવાળા, ચુંવાળ ડાંગરવા, બામરોલી, છનિયાર, ગીતાપુર, રામપુરા મદ્રિસણા સહિત સમગ્ર ચુંવાળ પંથકના વિસ્તારમાં લાખો દીપ પ્રગટાવવામાં આવ્યા છે. આ સાથે જ પીએમ મોદીનું સ્વાસ્થ્ય ઉત્તમ રહે અને તેઓ દીર્ઘાયુ બની દેશની સેવા કરતા રહે તેવી પ્રાર્થના પણ કરવામાં આવી હતી.

મહેસાણાની કન્યા વિદ્યાલયમાં છાત્રાઓએ ચિત્રો દ્વારા વિકાસયાત્રા રજૂ કરી

મહેસાણા | મહેસાણાની એમ એમ વી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો. શાળાની આચાર્યા ચેતનાબેન ડી કાલાણીના માર્ગદર્શન હેઠળ તમામ વિદ્યાર્થિનીઓએ સેવા અને સુશાસનના પચીસ વર્ષના પ્રસંગોને આધારે ભારતની વિકાસયાત્રા ચિત્રોમાં ઉતારી. ચિત્રોમાં વિકસિત ભારત અને બે હજાર સિત્તેરના સ્વપ્ન સાથે જોડાયેલી થીમ રજૂ થઈ, જેમાં વિદ્યાર્થીઓની લાગણી અને દેશભક્તિ સ્પષ્ટ દેખાઈ. મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સેલર ઉષાબેન મિલનકુમાર ચૌધરી વિશિષ્ટ ઉપસ્થિતિ રહ્યા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્યો તથા વાલીઓ પણ જોડાયા.

પીએમના જન્મદિવસે રાજ્ય કક્ષાના વિજેતા દિવ્યાંગ બાળકોનું સન્માન

141 બાળકોને મેડલ, પ્રમાણપત્ર એનાયત

શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના
76 મા જન્મદિન નિમિત્તે

ભાસ્કર ન્યૂઝ | મહેસાણા

વડાપ્રધાન મોદીના 76મા જન્મદિવસે ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા દ્વારા સંચાલિત માનસિક દિવ્યાંગ બાળકોની દિશા સ્કૂલમાં રાજ્ય કક્ષાએ વિજેતા થયેલા માનસિક દિવ્યાંગ બાળકોના સન્માન કરાયું હતું.

આ સન્માન સમારોહ મહેસાણા મહાનગરપાલિકાના મેયર સોનલબેન ઓઝાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં મહેસાણા મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દિપકભાઈ પટેલ તેમજ સંસ્થાના માનદ ડાયરેક્ટર વિષ્ણુભાઈ ચૌધરી તથા મહેસાણા મહાનગર પાલિકાના કાઉન્સિલર ગીતાબેન ચૌધરી સહિત ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન જિલ્લામાંથી રાજ્ય કક્ષાએ વિવિધ ક્ષેત્રોમાં વિજેતા બનેલા કુલ 141 માનસિક દિવ્યાંગ બાળકોને મેડલ, પ્રમાણપત્ર અને ટ્રેકસૂટ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ દિવ્યાંગ બાળકોની પ્રતિભા, મહેનત અને સિદ્ધિઓને બિરદાવી તેમને ભવિષ્યમાં પણ રમતગમત તથા વિવિધ પ્રવૃત્તિઓમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

જેનો ભરોસો નથી તેનું નામ છે 'જીંદગી' અને જેનો 100 ટકા ભરોસો છે એનું નામ છે 'મોત' છેલ્લી રીલ

ત્રણ કલાક પહેલાં જિંદગી અને મોતની રીલ્સ મૂક્યા પછી ગુજ્જુ લવગુરુ ચંદન રાઠોડનું અકસ્માતમાં મોત

ઈન્સ્ટાગ્રામ પર 18 લાખથી વધુ ફોલોઅર્સ, યુટ્યુબ ચેનલ પર 10 લાખથી વધુ સબસ્ક્રાઈબર હતા

ગુજ્જુ લવગુરુ ચંદન રાઠોડ

ચંદન રાઠોડની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

ભાસ્કર ન્યૂઝ | ભાભર, સુઈગામ

ઉત્તર ગુજરાતની દેશી લોકબોલી અને આગવી કોમેડીથી લાખો લોકોને હસાવનાર ગુજ્જુ લવ ગુરુ તરીકે જાણીતા કલાકાર ચંદન રાઠોડના બાઈકને ગુરુવારે બપોરે ભાભર નજીક અકસ્માત નડ્યો હતો. જેમને 108 મારફતે ભાભર રેફરલ હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં તબીબે મૃત જાહેર કર્યા હતા. લોક ચાહના મેળવનારા કલાકારના અચાનક મોતના સમાચારથી સુઈગામ પંથક સહિત તેમના ચાહકોમાં શોકની લાગણી પ્રસરી છે.

જેનો ભરોસો નથી તેનું નામ છે જીંદગી અને જેનો 100 ટકા ભરોસો છે એનું નામ છે મોત, ત્રણ કલાક પહેલા રીલ્સ બનાવી ગુજ્જુ લવ ગુરૂ ચંદનભાઈ રાઠોડ ભાભર-સુઈગામ હાઈવે પર હરિધામ ગૌશાળા નજીક બાઈક ઉપર પસાર થઈ રહ્યા હતા. ત્યારે અકસ્માત નડતાં મોત થયું હતુ.

સુઈગામના સામાન્ય પરિવારમાં જન્મેલા ચંદનભાઈ ધેગાભાઈ રાઠોડે જીવનમાં સંઘર્ષ કરીને પોતાની આગવી પ્રતિભાથી સોશિયલ મીડિયામાં સ્થાન બનાવ્યું હતું. રોજગારી માટે સુરતમાં ટાઈલ્સની ફેક્ટરીમાં કામ કર્યા બાદ તેમણે કોમેડી વીડિયો બનાવવાનું શરૂ કર્યું હતું. ગામડાની રહેણીકરણી, ઉત્તર ગુજરાતની લોકબોલી અને દેશી ભાષાશૈલી સાથેની તેમની કોમેડી લોકોને ખૂબ પસંદ પડી હતી.ઈન્સ્ટાગ્રામ પર તેમના 18 લાખથી વધુ ફોલોઅર્સ હતા. જ્યારે યુટ્યુબ પર પણ મોટી સંખ્યામાં સબસ્ક્રાઈબર્સ ધરાવતા હતા. તેમના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં લાખો વ્યૂ મળતા હતા. કોમેડી ઉપરાંત તેઓ સમાજને સંદેશ આપતા વીડિયો પણ બનાવતા હતા. ગુજરાતી ફિલ્મો અને કોમેડી શોમાં પણ તેમણે પોતાની ઓળખ બનાવી હતી.

અકસ્માતના ચોક્કસ કારણને લઇ પ્રશ્નાર્થ

ભાભર-સુઈગામ હાઈવે પર અકસ્માત બાદ ઘટના સ્થળેથી એક જ બાઈક મળી આવ્યું હોવાનું સામે આવ્યું છે. જેના પગલે અકસ્માત બાઈક સ્લીપ થવાથી થયો હતો કે અન્ય કોઈ વાહન સાથે અથડામણ થઈ હતી તે અંગે સવાલો ઊભા થયા છે. બે બાઈક સામસામે અથડાયા હોવાની શક્યતા હોય તો બીજું બાઈક ક્યાં ગયું તે અંગે પણ ચર્ચા છે. જોકે અકસ્માતનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે. હાલ આ મામલે કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

મોતના થોડા કલાકો પહેલાં બનાવેલો વીડિયો 8 કલાકમાં 8 મિલિયન લોકોએ જોયો

ચંદન રાઠોડે અકસ્માતના થોડા કલાકો પહેલાં સોશિયલ મીડિયા પર એક વીડિયો અપલોડ કર્યો હતો. જેમાં જિંદગી અને મોત અંગેની શાયરી હતી. જેનો ભરોસો નથી તેનું નામ જિંદગી અને જેનો સો ટકા ભરોસો છે તેનું નામ મોત જેવા શબ્દો ધરાવતો આ વીડિયો સંજોગવશાત્ તેમની અંતિમ પોસ્ટ બની ગયો હતો. જેને લઈને સોશિયલ મીડિયા પર ચાહકો ભાવુક બન્યા છે. આ અંતિમ વીડિયો 8 કલાકમાં 8 મિલિયન લોકોએ જોયો હતો.

સંડેર પાસેથી દેશી બંદૂક સાથે શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | પાટણ

પાટણ તાલુકાના રણુજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એસઓજીની ટીમે બાતમીના આધારે ગેરકાયદેસર દેશી હાથ બનાવટની બંદૂક સાથે એક શખ્સને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

પાટણ એસઓજી ટીમને પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી કે સંડેર ગામની સીમમાં ખોડલધામની સામે બાવળની ઝાડીઓ પાસે એક શંકાસ્પદ ઈસમ હથિયાર સાથે ફરી રહ્યો છે. આ બાતમીને આધારે પોલીસે તાત્કાલિક તે સ્થળે રેડ પાડી તપાસ હાથ ધરી હતી, જ્યાંથી અજીમભાઈ સિધી ડફેર રહે. ગડસઈ નામના શખ્સને વગર પાસ પરવાનાની દેશી બનાવટ 2500ની કિંમતની બંદૂક સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.પકડાયેલા આરોપી વિરુદ્ધ રણુજ પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

પીએમના જન્મ દિવસે ખોડિયાર ગ્રુપ દ્વારા 76 લોકોનાં મોતિયાના ઓપરેશન

6 વર્ષમાં 500થી વધુ દર્દીઓને મોતિયાના ફ્રી ઓપરેશન કરાવ્યા

ભાસ્કર ન્યૂઝ | મહેસાણા

પી.એલ.પી જનસેવા ફાઉન્ડેશન ખોડિયાર ગ્રુપના પ્રમુખ કાંતિભાઈ એલ પટેલ દ્વારા આ અવસરે 76થી વધારે ગરીબ દર્દીઓને મોતિયાના ફ્રી ઓપરેશન કરાયા હતા..આ જનસેવા કેમ્પનો પ્રારંભ રામ સેવા સમિતિના શેખાવત દ્વારા દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ટી એસોસીએશનના પ્રમુખ રમણભાઈ પટેલ, વેદમાતા બાલ પરિવાર હોસ્પિટલના પ્રમુખ નરેન્દ્રભાઈ દવે ,ટ્રસ્ટી પ્રવીણભાઈ ભાવસાર, ખોડીયાર પરિવારના વડીલબંધુ પ્રહલાદભાઈ પટેલ, ડાહ્યાભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ,ડૉ.સંજયભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ ચેતનભાઈ પટેલ, ફેડરેશનના સેક્રેટરી કિર્તીભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા

પી એલ પી જનસેવા ફાઉન્ડેશન દ્વારા છેલ્લા છ વર્ષથી 500થી વધુ ગરીબ દર્દીઓને મોતિયાના ફ્રી ઓપરેશન કરાવી વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી કરે છે. ખોડીયાર ગૃપ પરીવાર દ્વારા બનાવેલ પી.એલ.પી જનસેવા ફાઉન્ડેશન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, હાડકાના રોગોનો કેમ્પ,ભુખ્યાને ભોજન, સ્ત્રી કેન્સર નિદાન કેમ્પ,ગરીબ બાળકોને ચીક્કી વિતરણ, ઑંખો નો નિદાન કેમ્પ, વૃક્ષારોપણ, ગરીબોને મીઠાઈ વિતરણ જેવા અનેક સેવાકીય કાર્યો દર વર્ષે કરાય છે.

થરાદ-ઢીમા રોડ પર ચાલકે કાબુ ગુમાવતાં ટ્રેક્ટર પલટ્યું

વાવ | થરાદ-ઢીમા રોડ પર નવીન બનેલા માર્ગ પર ટ્રોલી સાથેનું ટ્રેક્ટર અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા રોડ પર ગુલાંટ મારી ગયું હતું. અકસ્માતમાં ટ્રેક્ટર પર સવાર ડ્રાઈવર સહિત બે યુવાનોનો આબાદ બચાવ થયો હતો. બંનેને નાની-મોટી ઈજાઓ થતાં પ્રાથમિક સારવાર માટે ખસેડ્યા હતા.સ્થાનિકોના જણાવ્યા મુજબ, નવો અને લીસો રોડ બન્યા બાદ વાહનચાલકો બેફામ ગતિએ વાહનો દોડાવતા હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

પાટણના યુવક સાથે ડેટિંગ એપથી દોસ્તી કેળવીને રામનગર પાસે બોલાવી લૂંટ્યો

છરી બતાવી લૂંટ કરનાર 3 આરોપીની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | પાટણ

પાટણની હરિકૃપા સોસાયટીમાં રહેતા અને સિદ્ધપુર ચાર રસ્તા પાસે ફોર-વ્હીલરનું ગેરેજ ચલાવતા 35 વર્ષીય અનિલભાઈ ચંદુભાઈ રાવળે ઓનલાઈન એક સર્વિસની (Grindr) એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી.જેના મારફતે અજાણ્યા ઈસમે તેને બાઈક સર્વિસના બહાને બોલાવી રામનગર ઘેટા ફાર્મ નજીક તેની સાથે લૂંટની ચોંકાવનારી ઘટના બની હતી.

આ બાબતે ફરિયાદ નોધાવતા પાટણ પોલીસે ગણતરીના કલાકોમાં લૂંટ કરનાર 3 આરોપીઓ ભરતજી ઉર્ફે જીગર ઠાકોર, અરવિંદજી ઉર્ફે પિન્ટુ ઠાકોર અને કશનજી ઉર્ફે બધી ઠાકોર તમામ રહે. રામનગર, પાટણનેને રોકડ, ચાંદીની વીંટી, બાઈક અને મોબાઈલ સહિત રૂ.32,000 ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

અનિલભાઈને અજાણ્યા નંબર પરથી બાઈક સર્વિસ કરાવવાનો મેસેજ આવતાં તેઓ નિર્મળનગર પહોંચ્યા હતા. ત્યાંથી આરોપી તેમને રામનગર ઘેટા ફાર્મ તરફ લઈ ગયો હતો, જ્યાં અન્ય સાગરીતોએ ટક્કર મારી તેમને નીચે પાડી દીધા હતા. ગડદાપાટુનો ઢોર માર મારી,છરી બતાવી ખીસ્સામાંથી રૂ.500 રોકડા તથા રૂ.2500 ની ચાંદીની વીંટી લૂંટી લીધી હતી. આ ઉપરાંત, ફોન-પેથી રૂ.19,500 ટ્રાન્સફર કરાવી લીધા હતા.

વડનગર સિવિલમાં ICU ઓન વ્હીલનું લોકાર્પણ

રક્તદાન કેમ્પમાં 100 બોટલ એકત્ર,નેત્ર નિદાન કેમ્પમાં 730 લોકોની આંખોની તપાસ

ભાસ્કર ન્યૂઝ | વડનગર

ગુજરાત સરકાર
ICU ON WHEELS
લોકાર્પણ સમારોહ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 76 મા જન્મદિવસ નિમિત્તે ગુરુવારે વડનગર GMERS મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલમાં નેત્ર નિદાન-સારવાર કેમ્પ, રક્તદાન શિબિર તથા ICU ON WHEELS (ચાલતું-ફરતું આઈસીયુ) એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નેત્ર નિદાન-સારવાર કેમ્પનું આયોજન સર્વોદય સેવા ટ્રસ્ટ, અમદાવાદના પ્રમુખ સોમાભાઈ મોદી તથા રક્તદાન કેમ્પનું આયોજન જશુભાઈ વી. ચૌધરી, ખેરાલુના સહયોગથી કરાયું હતું. કેમ્પમાં નેત્ર જ્યોતિ ચેરિટેબલ ટ્રસ્ટ, ઉડુપી (કર્ણાટક),પ્રસાદ નેત્રાલય સુપર સ્પેશિયાલિટી આઈ હોસ્પિટલ, ઉડુપી, OneSight EssilorLuxottica Foundation, બેંગલુરુનો સહયોગ રહ્યો હતો. કેમ્પમાં 730 થી વધુ દર્દીઓએ આંખોની તપાસ કરાવી હતી,જ્યારે જરૂરી તપાસ બાદ 30 દર્દીઓને વિનામૂલ્યે ચશ્માનું વિતરણ કરાયું હતું. રક્તદાન શિબિરમાં 100થી વધુ બોટલ રક્તનું સંકલન કરાયું હતું.

આ કાર્યક્રમમાં સામાજિક કાર્યકર સોમાભાઈ મોદી,ખેરાલુ ધારાસભ્ય સરદાર ચૌધરી,ઊંઝા અને કડીના ધારાસભ્યો,પાલિકા પ્રમુખ મિતીકાબેન શાહ,શહેર ભાજપ પ્રમુખ મયંક પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી કમલ પટેલ,તાલુકા પંચાયત પ્રમુખ કલાજી ઠાકોર,સુપ્રિટેન્ડેન્ટ ડૉ. સુનિલ ઓઝા,ડીન ડૉ.મુકેશ વોરા સહિત સ્ટાફ, શહેર અને તાલુકાના હોદેદારો, લોકો હાજર રહ્યા હતા.

ટ્રકે ટક્કર મારતાં કારચાલકને ઇજા

ભાસ્કર ન્યૂઝ | સિદ્ધપુર

સિદ્ધપુર હાઈવે પર આવેલી જી.ઈ.બી. કચેરી નજીક મંગળવારે સાંજના સમયે આઈસર ટ્રકે કારને જોરદાર ટક્કર મારી હતી. કારના આગળના ભાગનો ભુક્કો બોલી ગયો હતો. જોકે, આ ઘટનામાં સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. કાર ચાલકને ઈજાઓ પહોંચી હતી.

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રેશન મહેસાણા ડીસ્ટ્રીકટ મહેસાણા સબ ડીસ્ટ્રીકટ મહેસાણમના મોજે.ગામ લાખવડ, તા.જી.મહેસાણા સીમના રેવન્યુ સર્વે/બ્લોક નં.૩૫૦ (જુના સર્વે/બ્લોક નં. ૩૮૭) કુલ ક્ષેત્રફળ ૧-૧૬-૮૮ વાળી જમીન જેનો ખાતાનં.૪૭૫ વાળી જુની શરત(જ.શુ) ખેતીલાયક ઉપયોગી જમીન (૧) પટેલ યોગેશભાઈ રામાભાઈ તથા (૨) પટેલ તુષાબેન રામાભાઈ (૩) પટેલ કેતનભાઈ રામાભાઈના સંયુક્ત નામે વારસાઈ હકકની સરકારી રેકર્ડમાં માલીકી કબ્જા ભોગવટાની, બોજા રહિત આવેલ હોવાનું તેઓએ અમારી પાસે આવી જણાવી અમારી પાસે સદરહુ મિલકતના ટાયટલ કલીયરન્સ સટિફિકેટની માગણી કરેલ છે. તો મજકુર જમીનઉપર કોઈપણ વ્યકિત કે સંસ્થાનો લાગભાગ, હકક, હિસ્સો, બોજો, દાવો, બાનાખત, ઈજમેન્ટ રાઈટસ કે અન્ય હકકો આવેલા હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પ્રમાણીત પુરાવા સહિત રજી.પોષ્ટ એડી.થી નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો મુદત વીતેથી સદરહુ જમીન ઉપર કોઈપણ વકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, પોષતો નથી અને પોષાતો હોય તો જતો કરેલ છે. તેમ સમજી જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની તકરાર કે વાંધો ધ્યાને લેવામાં આવશે નહિ અગર વેઈવ કરેલ છે. તેમ માની સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટ ઈસ્યુ કરીશું જેની સર્વે ગંભીર નોંધ લેશો.

તા.૧૭-૯-૨૦૨૬

યોગેશ કુમાર જી.રાવલ, (એડવોકેટ)

રહે. ૪, આચાર્ય નગર સોસાયટી, વિસનગર રોડ, મહેસાણા-૧. મો.:- ૯૪૨૮૮ ૫૧૭૧૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડિસ્ટ્રિક્ટ મહેસાણા ના તાલુકા કડી ના મોજે ગામ પંથોડા ખાતે રેવન્યુ સર્વે નંબર.૩૬૫ ખાતા નંબર ૧૧૨૪ થી ૦૦-૨૨-૩૬ હે.આરે.ચો. મી.ની રૂ ૧.૧૮ પૈસાના આકાર વાળી ખેતી લાયક ઉપયોગ ની જુની શરત (જુ.શ.)વાળી જમીન પઠાણ યાકૂબખાન અયુબખાન ની માલીકીની કબ્જા ભોગવટા વાળી તથા કાનૂની વિવાદોથી પર હોવાનું જણાવી અમારા અસીલે અમારી પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે.

સદર મિલકત ઉપર કોઈપણ વ્યક્તિનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સબંધ, દાવો, બોજો, અલાખો, ગીરો, ગણોત હક્ક કે ખોરાકી પોષાકી અંગેના કોઈ હક્ક પોષાતો હોય તો તેઓ એ દિન-સાત (૭) માં નીચેના સરનામે રજી.પોસ્ટ દ્વારા લેખિત પુરાવા સહીત જાણ કરવી અને જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત સર્વેનંબર વાળી જમીનમાં કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકાર નો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સબંધ, દાવો, બોજો, અલાખો, ગીરો, ગણોત હક્ક કે ખોરાકી પોષાકી અંગેના કોઈ હક્ક નથી અને હોય તો તેઓએ જતો યાને કે વેઈવ કરેલ છે તેમ સમજી મુદત કરવામાં નહિ આવે તો ઉપરોક્ત સર્વેનંબર વાળી જમીનમાં કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકાર નો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સબંધ, દાવો, બોજો, અલાખો, ગીરો, ગણોતહક્ક કે ખોરાકી પોષાકી અંગેના કોઈ હક્ક નથી અને હોય તો તેઓએ જતો યાને કે વેઈવ કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટ ઇસ્યુ કરવામાં આવશે ત્યારબાદ કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેની આથી લાગતા વળગતાએ ગંભીર નોંધ લેવી.

આમારા અસીલની સૂચના અને ફરમાઇસથી.

તારીખ :- ૧૬/૦૯/૨૦૨૬

બી.એ.દેસાઈ (એડવોકેટ)

ઓફીસ - ૧૦૩, સી/બી, વસ્ત્રાપુર સરકારી વસાહત,
હિમાલય મોલ પાસે, વસ્ત્રાપુર - ૩૮૦૦૫૨ મો.9033444455

-: ટોયટા ઈનોવા ગાડીની જાહેર હરાજી :-

આથી રસ ધરાવતી પાર્ટીઓને જણાવવાનું કે મહેસાણા જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી સંઘ, મહેસાણાની ટોયટા ઈનોવા ડીઝલ ગાડી ચાલુ ટીપટોપ કંડીશનમાં, જાહેર હરાજીથી વેચાણ આપવાની છે.

ટોયટા ઈનોવા 2.5 G ગાડી (ડીઝલ) પ્યોર વ્હાઈટ
મોડલ-૨૦૧૬ GJ 2 CA 3935
હરાજી તા. ૨૮/૦૯/૨૦૨૬, સોમવાર, સમય-સવારે ૧૧.૦૦ કલાકે.
સ્થળ:- મહેસાણા જિલ્લા સહકારી સંઘ, સુખાપરા,
શ્રીનગર સોસાયટી પાસે મહેસાણા.

હરાજીમાં ભાગ લેનાર પાર્ટીએ હરાજી ના સમય પહેલા રૂ.૧૦,૦૦૦/- ડીપોઝીટ તરીકે મહેસાણા જિલ્લા સહકારી સંઘ, સુખાપરાના કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે. હરાજી મંજુર થયે તેના મુલ્યના ૨૫%રકમ તેજ વખતે સંઘમાં જમા કરાવવાના રહશે.

હરાજી માટેની તમામ બોલીઓ અને શરતો હરાજી શરૂ થતાં પહેલાં વાંચી સંભળાવવામાં આવશે. હરાજીની છેલ્લી બોલી મંજુર રાખવી કે નહિં તે હકક સંસ્થાને અબાધિત રહેશે. ઈનોવા ગાડી ઓફિસ સમય દરમ્યાન મહેસાણા જિલ્લા સહકારી સંઘ, સુખાપરા, શ્રીનગર સોસાયટી પાસે મહેસાણા. ખાતે જોવા મળશે.

રમેશભાઈ પટેલ
અધ્યક્ષ
મહેસાણા જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી સંઘ લી.

HDFC BANK

મુખ્ય કાર્યાલય: HDFC બેંક લિ., HDFC બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ), મુંબઈ - 400013
પ્રાદેશિક કાર્યાલય: એચડીએફસી બેંક લિ., સ્પેશિયલ ઓપરેશન્સ વિભાગ, ત્રીજા માળે, સી-વિંગ, શીતલ વેસ્ટ પાર્ક ઈમ્પેરિયા, વસ્ત્રાપુર તળાવ, અમદાવાદ -380054.

ઈ-હરાજી વેચાણ સૂચના

જાહેર હરાજી દ્વારા સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી માટેની જાહેર સૂચના

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ બેંકને ગીરવે મૂકવામાં આવેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઇ-ઓક્શન વેચાણ સૂચના, જે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ, 2002 ના નિયમ 8(6) ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે.આ દ્વારા જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર/મોર્ટગેજર/ગેરંટરને સૂચના આપવામાં આવે છે કે, HDFC બેંક લિમિટેડના અધિકૃત અધિકારી/અધિકારી/અધિકારી/અધિકારી/અધિકારીઓ. સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ જારી કરાયેલ નોટિસ(ઓ) દ્વારા ઉઠાવવામાં આવેલી માંગણી અનુસાર, નીચે મુજબની લોન ખાતાઓમાં ઉલ્લેખિત મિલકતોનો ભૌતિક કબજો લીધો હતો, જેમાં બેંકના બાકી લેણાં વત્તા વ્યાજની વસૂલાત માટે "જેમ છે તેમ છે, જે છે તેમ છે, જે કંઈ છે ત્યાં છે અને રિસોર્સ બેસિસ" ના આધારે તેને વેચવાનો અધિકાર છે અને જ્યાં બાકી લેણાં ચૂકવવામાં નિષ્ફળતાના પરિણામે, ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪) અને ઉપરોક્ત નિયમોના નિયમ ૮ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે સહી કરનાર ઉપરોક્ત મિલકત/ઓ ના વેચાણ દ્વારા બેંકના બાકી લેણાં વસૂલવાનો પ્રસ્તાવ મૂકે છે. નીચે દર્શાવેલ મિલકતોનું વેચાણ વેબ પોર્ટલ https://www.bankeauctions.com દ્વારા ઇ-ઓક્શન દ્વારા કરવામાં આવશે. મિલકતના ગીરો અને બાંયધરી આપનારાઓનું નામ: મોર્ગેજર - દેવનંદન ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ ગેરન્ટર્સ- શ્રી ચિંતનકુમાર પટેલ, શ્રી સૌરભકુમાર કાંતિભાઈ પટેલ, શ્રી સંકેતકુમાર કાંતિભાઈ પટેલ, શ્રી રમેશભાઈ અમૃતભાઈ સુથાર, શ્રી પરેશકુમાર ભીખાભાઈ મિસ્ત્રી, શ્રી અંકુરકુમાર ચુનીલાલ પટેલ, શ્રી ભાવેશકુમાર ચુનીલાલ પટેલ, શ્રી દિલીપ સી પટેલ, કુ. પારુલ પટેલ, શ્રી ભીખાભાઈ એ મિસ્ત્રી, શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી શૈલેષકુમાર કાંતિભાઈ પટેલ, શ્રી પરેશકુમાર પટેલ, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી તરુણકુમાર પટેલ, શ્રી રાજેશકુમાર પટેલ, શ્રી પાર્થ પટેલ, કુ. જયશ્રીબેન પટેલ

લોટ નં.	કોલેટરલ પ્રોપર્ટીની વિગતો	માંગણા નોટિસ મુજબ રકમ/માંગણા નોટીસ તારીખ	ચકાસણીની તારીખ અને સમય	આરક્ષિત રકમ/ ઇએમડી/બીડ વધારવાની રકમ
1.	એક સ્થાવર મિલકત ધરાવતો સર્વે નં. 67/2 જે રણછોડપુરા સિમ, હિંમતનગર હાઇવે રોડ, તાલુકા વિજાપુર, જિલ્લો મહેસાણામાં આવેલ છે. દેવનંદન ઓઇલ ઇન્ડસ્ટ્રીઝની માલિકી ધરાવે છે. બાઉન્ડ્રી **ઉત્તર** - હિંમતનગર હાઇવે રોડ, **દક્ષિણ**- પટેલ મહેશભાઈ ચમનભાઈનું ખેતર, **પૂર્વ**- સત્યવિપ કાંઠા સમાજની જમીન અને પટેલ રામજીભાઈ ત્રિભોવનદાસ અને હછરાભાઈ અમિતભાઈનું ખેતર, **પશ્ચિમ**- પટેલ રજનીભાઈ વિઠ્ઠલભાઈ અને રાજુભાઈ વિઠ્ઠલભાઈ પટેલનું ખેતર.	રૂ. ૨,૭૧,૨૬,૪૮૪.૦૬/- માંગણી સૂચના તારીખ ૧૭.૦૬.૨૦૨૨	૧૯.૦૯.૨૦૨૬ સવારે ૧૧.૦૦ સુધી બપોરે ૦૧.૦૦ સુધી	રૂ. ૨,૨૦,૦૦,૦૦૦/- રૂ. ૨૨,૦૦,૦૦૦/- રૂ. ૫૦,૦૦૦/-
2.	લોટ નંબર 1 માં ઉપરોક્ત મિલકત પર સ્થિત તમામ પ્લાન્ટ અને મશીનરીને ગીરો કરી દીધી.	રૂ. ૨,૭૧,૨૬,૪૮૪.૦૬/- માંગણી સૂચના તારીખ ૧૭.૦૬.૨૦૨૨	૧૯.૦૯.૨૦૨૬ સવારે ૧૧.૦૦ સુધી બપોરે ૦૧.૦૦ સુધી	રૂ. ૪૧,૦૦,૦૦૦/- રૂ. ૪,૧૦,૦૦૦/- રૂ. ૫૦,૦૦૦/-

ઇ-ઓક્શનની તારીખ/સમય: ૫ ઓક્ટોબર ૨૦૨૬ બપોરે ૨.૦૦ થી ૩.૦૦ વાગ્યા સુધી • બિડ્સ અને ઇએમડી મેળવવાની છેલ્લી તારીખ: ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

અધિકૃત અધિકારીનું નામ/ફોન નંબર/ઇમેઇલ આઈડી: અનિલ સાંખલા/09512999191,9375263149/anil.sankhla@hdfc.bank.in

નિયમો અને શરતો: 1. ઇ-હરાજી "જેમ છે જ્યાં છે, જેમ છે જે છે, જે છે ત્યાં છે અને રિસોર્સ વગર" ના આધારે યોજાઈ રહી છે. 2. રસ ધરાવતા બોલી લગાવનારાઓએ તેમની EMD વિગતો અને દસ્તાવેજો વેબ પોર્ટલ https://www.bankeauctions.com (યુઝર આઈડી અને પાસવર્ડ https://www.bankeauctions.com પર નામ નોંધાવીને મફતમાં મેળવી શકાય છે) દ્વારા લોગિન આઈડી અને પાસવર્ડ દ્વારા સબમિટ કરવાના રહેશે. EMD NEFT / RTGS દ્વારા નીચેના ખાતામાં ચૂકવવાપાત્ર રહેશે: 57500000906261, ખાતાનું નામ: DFSO ટ્રાન્ઝિટર એકાઉન્ટ, લાભાર્થીનું નામ: HDFC BANK LTD., IFSC કોડ: HDFC0000240. કૃપા કરીને નોંધ લો કે ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટ EMD રકમ તરીકે સ્વીકારવામાં આવશે નહીં. 3. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહિતી મુજબ, બેંકના રેકોર્ડ મુજબ મિલકત પર વિગતવાર નિયમો અને શરતોમાં ઉલ્લેખિત સિવાય કોઈ બોજો એટલે કે મિલકત વેરો, સોસાયટી લેણાં વગેરે નથી. જોકે, બેંક કોઈપણ વર્તમાન/ભૂતકાળ/ભવિષ્યના બાકી બિન-કાનૂની લેણાં/કાનૂની લેણાં/ભાર/કર બાકી/મુકદ્દમા, જો કોઈ હોય તો તેના માટે જવાબદાર રહેશે નહીં. ઇચ્છુક બોલી લગાવનારાઓએ બોજો, મિલકતના માલિકી હક અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને પોતાને તપાસવા અને સંતોષવા જોઈએ. ઉપરોક્ત તારીખ અને સમયે મિલકતનું નિરીક્ષણ કરી શકાય છે. જો લોટ નં. ૨ માટે કોઈ બોલી ન આવે, તો લોટ નં. ૧ માં દર્શાવેલ મિલકતોનું વેચાણ મંજૂર કરવામાં આવશે નહીં. 4. જે ઇચ્છિત બોલી લગાવનારાઓએ EMD જમા કરાવ્યું છે અને લોગિન આઈડી અને પાસવર્ડ બનાવવા, ડેટા અપલોડ કરવા, બોલી સબમિટ કરવા, ઇ-બિડિંગ પ્રક્રિયા પર તાલીમ વગેરેમાં સહાયની જરૂર હોય, તેઓ અમારા સેવા પ્રદાતા મેસર્સ C1 ઇન્ડિયા પ્રા. લિ., ત્રીજો માળ, પ્લોટ નંબર 68, સેક્ટર-44, ગુડગાંવ, હરિયાણા-122003 નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ મોબાઇલ નંબર:-7291981124/1125/1126, શ્રી ભાવિક પંડ્યા-08866682937, ઇ-મેલ આઈડી: support@bankeauctions.com/gujarat@c1india.com. મિલકત સંબંધિત કોઈપણ પૂછપરછ માટે, ઉપરોક્ત ઉલ્લેખિત અધિકૃત અધિકારીનો કાર્યકારી દિવસો દરમિયાન ઓફિસ કલાકોમાં સંપર્ક કરી શકો છો. (સવારે 10:00 થી સાંજે 5:00 વાગ્યા સુધી). ટેન્ડર ફોર્મની હાર્ડ કોપી બિડ અને EMD સાથે, ઉપરોક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે અધિકૃત અધિકારીના સરનામે સબમિટ કરી આવશ્યક છે. 5. જો વેચાણ કિંમત રૂ. ૫૦,૦૦,૦૦૦/- (પચાસ લાખ રૂપિયા માત્ર) થી વધુ હોય તો હરાજી ખરીદનાર/સફળ બોલી લગાવનાર વ્યક્તિએ મિલકતના માલિકના નામે વેચાણ કિંમતના ૧% ટીડીએસ તરીકે કાપીને આવકવેરા કાયદાની કલમ ૧૯૪ આઈએ મુજબ આવકવેરા વિભાગને જમા કરાવવાના રહેશે અને વેચાણ કિંમતના ફક્ત ૯૯% બેંકને જમા કરાવવાના રહેશે. ફોર્મ રદ્દજુલી અને ટીડીએસ મોકલ્યાનું ચલણ મળ્યા પછી જ વેચાણ પ્રમાણપત્ર જારી કરવામાં આવશે. 6. સૌથી ઊંચી બોલી HDFC બેંક લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ અથવા બધી ઓફરો/બિડ સ્વીકારવાનો/અસ્વીકાર કરવાનો, અથવા કોઈપણ કારણ આપ્યા વિના હરાજી/વેચાણ રદ કરવાનો અધિકાર અનામત રાખે છે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે. 7. (વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.hdfcbank.com અને www.bankeauctions.com જુઓ)

સરફેસી અધિનિયમ, ૨૦૦૨ ના નિયમ ૯(૧) હેઠળ કાનૂની ૧૫ દિવસની વેચાણ સૂચના

ઉપરોક્ત લોનના ઉધાર લેનારાઓ/અને ગેરંટરોને ઉપરોક્ત તારીખે ઇ-ઓક્શન વેચાણ યોજવા અંગે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ની કલમ 9(1) હેઠળ નોટિસ તરીકે પણ આને ધ્યાનમાં લઈ શકાય છે. ઉધાર લેનારા/ગેરંટરો/ગીરો આપનારાઓને આ નોટિસ/હરાજીની તારીખના 15 દિવસ પહેલાં ઉપરોક્ત રકમ, તારીખ સુધીના વ્યાજ અને આનુષંગિક ખર્ચ સાથે ચૂકવવા માટે સૂચિત કરવામાં આવે છે, નહીં તો મિલકતની હરાજી/વેચાણ કરવામાં આવશે અને બાકી લેણાં, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે.

તારીખ: ૧૭/૦૯/૨૦૨૬, સ્થળ: અમદાવાદ

અધિકૃત અધિકારી, અનિલ સાંખલા, HDFC બેંક લિમિટેડ

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) ઠાકોર અમરતજી ડુંગરજી, રહેવાસી-ધરોઈએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા, સબ - ડીસ્ટ્રીકટ અને તાલુકે -સતલાસણાના મોજે ગામ ધરોઈની સીમના ખાતા નં ૪૦૦ના સર્વે /બ્લોક નં.-૪૦ (જુના બ્લોક નં. ૧૨૭પૈકી)ની હે.આરે.ચો.મી ૦-૪૨-૭૫ આકાર રૂ. ૧.૦૭ પૈસાવાળી જુનીશરતની ખેતી લાયક જમીન તેઓની સંપૂર્ણ, સંયુક્ત, સહિયારી,માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોક્ત જમીનમાલિકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીન માલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ નોટીસ પસિદ્ધ કરાવેલ છે તથા સદરહુ જમીન ઉપર સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા, ધરોઈ શાખાના રૂ.૪,૦૩,૦૦૦/- ના તારણ સિવાય સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ વ્યક્તિ કે કોઈપણ સંસ્થાનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિસ્સો કે બોજો ન હોવાનું તથા તે જમીન માર્કેટેબલ અને ચોખ્ખા ટાઈટલ વાળી, બોજો મુક્ત હોવાનું જણાવી અમારી પાસે ઉપરોકત જમીન અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, હક્ક, હિસ્સો, દાવો, બોજો લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતા હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭(સાત)માં અમોને તે અંગેના લેખિત પુરાવા સહિત રજી.પોસ્ટ થી નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનમાં અન્ય કોઈનો, કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો લીયન કે દાવો નથી અને હોય તો તે વેવ યાને જતો કરેલ છે, તેમ સમજી ટાઈટલ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

તા.૧૮/૦૯/૨૦૨૬

નિરવ એમ. સોની, એડવોકેટ નેહા નિરવ સોની, એડવોકેટ
PARASMANI ASSOCIATES AND ADVOCATES
સરનામું: બી-૭૧૦-૭૧૧, ગણેશ પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ.
(મો.) ૯૯૦૯૯૨૯૯૦૯ email :- niravmsoni@gmail.com